بسم اللہ الرحمن الرحیم　　نحمدہ و نصلّی علیٰ رسولہ الکریم　　وعلیٰ عبدہ المسیح الموعود

لا الہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصار اللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر/Ref ________　　تاریخ/Date ________

# તવક્કુલ અલા અલ્લાહ અંગે આંહઝરત (સ.અ.વ.)ના પવિત્ર જીવનચરિત્રનું સંપૂર્ણ ઉદાહરણ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.**
***તા. 04 સપ્ટેમ્બર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને અલ્લાહ તઆલાએ ઈન્સાને કામિલ (સંપૂર્ણ માનવ) બનાવીને સમગ્ર માનવતા માટે શ્રેષ્ઠ આદર્શ બનાવ્યા છે. દરેક સદગુણ આપના પવિત્ર અસ્તિત્વમાં ઉત્પન્ન કરીને તેને ઉત્તમ સ્તરે પહોંચાડ્યો અને તેને ખુલ્કે અઝીમ બનાવી દીધો. મોમિનોને નસિહત ફરમાવી કે જો તેઓ પોતાના અંદર સારા ગુણો પેદા કરવા અને ઉત્તમ નૈતિક ધોરણો પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તો આ મહાન રસૂલનું અનુસરણ કરે, કારણ કે અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આ જ માર્ગ છે. આપ (સ. અ. વ.) એ દરેક નૈતિક ગુણને ઉચ્ચતમ ધોરણ સુધી પહોંચાડ્યો અને મોમિનોને પણ આ ઉચ્ચ ધોરણો પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાની તાલીમ આપી. આપ (સ. અ. વ.)ની સીરતમાં તવક્કુલ અલા અલ્લાહ પણ ખૂબ જ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે: 'હે નબી! અમે તને દુનિયાની દેખરેખ રાખનાર, મોમિનોને ખુશખબર આપનાર, કાફિરોને ચેતવનાર, અલ્લાહના હુકમથી તેની તરફ બોલાવનાર અને પ્રકાશમાન સૂર્ય બનાવીને મોકલ્યો છે. મોમિનોને ખુશખબર આપી દે કે તેમના માટે અલ્લાહ તઆલા તરફથી ઘણો મોટો ફઝલ છે. કાફિરો અને મુનાફિકોની વાત ન માન અને તેમની તરફથી થતી તકલીફોને અવગણ. અને અલ્લાહ પર ભરોસો રાખ; કામો સંભાળવા માટે અલ્લાહ પૂરતો છે.' આમાં મોમિનો માટે પણ ખુશખબર છે કે જો તેઓ ઈમાન પર અડગ રહે, અલ્લાહ તઆલાના આદેશોનું પાલન કરે અને તેની જાત પર સંપૂર્ણ તવક્કુલ રાખે, તો અલ્લાહ

તઆલા દરેક મુશ્કેલીમાં તેમના માટે પૂરતો થશે. બીજી જગ્યાએ ફરમાવવામાં આવ્યું છે કે: 'અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને લાયક નથી અને મોમિનોએ માત્ર અલ્લાહ પર જ તવક્કુલ કરવો જોઈએ.'

હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલાતુ વસ્સલામ ફરમાવે છે કે હઝરત ખાતમુલ અંબિયા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જીવનના બનાવો પર નજર કરવાથી આ વાત ખૂબ સ્પષ્ટ થાય છે કે આપ (સ.અ.વ.) ઉચ્ચ કક્ષાના એકરંગી, સ્વચ્છ બાતીન, અલ્લાહ માટે પોતાની જાતને સમર્પિત કરનાર અને સૃષ્ટિના ભય તથા આશાથી સંપૂર્ણપણે મુખ ફેરવીને માત્ર અલ્લાહ પર તવક્કુલ કરનાર હતા. નબીઓના જીવનના બનાવોમાં જોખમના આવા પ્રસંગો જોવા મળે છે અને એવા પ્રસંગોમાં પણ આપ (સ. અ. વ.)નો અલ્લાહ પર તવક્કુલ રાખતી વખતે આટલી દૃઢતા અને અડગતાનું આવું ઉદાહરણ મળતું નથી.

પછી આપ ફરમાવે છે કે તબત્તુલ, એટલે કે ખુદા તઆલા સાથે દિલ જોડવું અને દુનિયાથી મન ઉઠાવી લેવું, તેનું વ્યવહારિક ઉદાહરણ આપણા પયગંબર ખુદા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ છે. આપને ન તો કોઈની પ્રશંસાની પરવા હતી અને ન કોઈની નિંદાની. આપને અસંખ્ય તકલીફોનો સામનો કરવો પડ્યો, પરંતુ કોઈ લાલચ કે લોભ આપને તે કાર્યથી રોકી શક્યો નહીં જેના માટે આપ (સ. અ. વ.) અલ્લાહ તરફથી આવ્યા હતા. જે વ્યક્તિ મુતબત્તિલ હશે, તે મુતવક્કિલ પણ હશે. એટલે કે અલ્લાહ પર તવક્કુલ રાખવા માટે મુતબત્તિલ જરૂરી છે. જ્યાં સુધી માણસ બીજાઓ પર ભરોસો અને આધાર રાખે છે, ત્યાં સુધી તે સંપૂર્ણપણે અલ્લાહ પર તવક્કુલ કરી શકતો નથી. જ્યારે તે અલ્લાહ તરફ સંપૂર્ણ રીતે જોડાય છે, ત્યારે દુનિયાથી પોતાનો સંબંધ તોડીને અલ્લાહ સાથે સંબંધ જોડે છે. આપણા નબી કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સંપૂર્ણ મુતબત્તિલ પણ હતા અને સંપૂર્ણ મુતવક્કિલ પણ હતા.

હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે કે એવું ન સમજશો કે અલ્લાહ તઆલા કમજોર છે. તે અત્યંત શક્તિશાળી ઝાત છે. જ્યારે તમે કોઈ બાબતમાં તેના પર ભરોસો કરશો, ત્યારે તે ચોક્કસ તમારી મદદ કરશે. જે કોઈ અલ્લાહ પર તવક્કુલ કરે છે, અલ્લાહ તેના માટે પૂરતો છે. તક્વાની બરકતોમાંથી એક બરકત એ છે કે અલ્લાહ તઆલા પરહેઝગાર વ્યક્તિને એવી મુશ્કેલીઓમાંથી મુક્તિ આપે છે જે ધાર્મિક બાબતો સિવાયની હોય. તેવી જ રીતે અલ્લાહ તઆલા પરહેઝગાર વ્યક્તિને ખાસ રીતે રિઝક પણ આપે છે. આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને, અશિક્ષિત હોવા છતાં, સમગ્ર દુનિયાનો સામનો કરવાનો હતો. તેમાં અહલે કિતાબ, ફિલસૂફો અને ઉચ્ચ કક્ષાની જ્ઞાનપ્રવૃત્તિ ધરાવતા વિદ્વાનો તથા જ્ઞાનીઓનો સમાવેશ થતો હતો. પરંતુ આપને આધ્યાત્મિક રિઝક એટલું બધું આપવામાં આવ્યું કે આપ સૌ પર વિજયી થયા અને તેમની ભૂલોને સ્પષ્ટ કરી બતાવી.

હઝરત ઉમર બિન ખત્તાબ રઝિયલ્લાહુ અન્હુએ વર્ણન કર્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું: 'જો તમે અલ્લાહ પર એવો તવક્કુલ કરો જેવો તવક્કુલ કરવાનો તેનો હક છે, તો તમને જરૂર રિઝક આપવામાં આવશે, જેમ પક્ષીઓને રિઝક આપવામાં આવે છે. તેઓ સવારે ખાલી પેટે પોતાના માળામાંથી નીકળે છે અને સાંજે ભરેલા પેટે પાછા ફરે છે.'

હઝરત અબૂ ઝર રઝિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું: ‘દુનિયામાં બેરગબતીનો અર્થ એ નથી કે હલાલ વસ્તુને હરામ કરી દેવામાં આવે અથવા માલને બરબાદ કરવામાં આવે. દુનિયામાં  બેરગબતી એ છે કે તમારા બંને હાથમાં જે કંઇ છે તેના કરતાં અલ્લાહના હાથમાં જે કંઈ છે તેને તમે વધુ વિશ્વાસપાત્ર માનો.’

હુઝુર ફરમાવે છે: આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ રોજિંદા જીવનના કાર્યોમાં પણ અલ્લાહ તઆલા પર તવક્કુલને સામે રાખીને દુઆઓ કરતા હતા. હઝરત ઉમ્મે સલમાએ વર્ણન કર્યું છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જ્યારે પોતાના ઘરની બહાર નીકળતા ત્યારે કહેતા: ‘અલ્લાહના નામ સાથે હું અલ્લાહ પર તવક્કુલ કરું છું. હે અલ્લાહ! અમે તારી પનાહ માગીએ છીએ કે અમે લપસી જઈએ અથવા ભટકી જઈએ, અત્યાચાર કરીએ અથવા અમારા પર અત્યાચાર કરવામાં આવે, અજ્ઞાનતાથી વર્તન કરીએ અથવા અમારી સાથે અજ્ઞાનતાથી વર્તન કરવામાં આવે.’ હઝરત બુરીદાહ રઝિયલ્લાહુ અન્હુએ વર્ણન કર્યું છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જ્યારે પોતાના ઘરની બહાર તશરીફ લાવતા ત્યારે કહેતા: અલ્લાહના નામ સાથે મેં અલ્લાહ પર ભરોસો કર્યો. નેકી કરવાની શક્તિ અને બુરાઈથી બચવાની તાકાત માત્ર અલ્લાહની તૌફીકથી જ મળે છે. હે અલ્લાહ! હું તારી પનાહ માગું છું કે હું ગેરમાર્ગે જાઉં અથવા મને ગેરમાર્ગે દોરવામાં આવે, હું લપસી જાઉં અથવા મને લપસાવવામાં આવે, હું કોઈના પર અત્યાચાર કરું અથવા મારા પર અત્યાચાર કરવામાં આવે, હું અજ્ઞાનતાનું વર્તન કરું અથવા મારી સાથે અજ્ઞાનતાનું વર્તન કરવામાં આવે.’

હઝરત અબૂ હુરૈરા રઝિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ હઝરત બિલાલ રઝિયલ્લાહુ અન્હુ પાસે તશરીફ લઇ ગયા. આપે તેમની પાસે ખજૂરોનો એક ઢગલો જોયો અને ફરમાવ્યું: ‘હે બિલાલ! આ શું છે? હઝરત બિલાલે અરજ કરી: ‘આ કેટલીક ખજૂરો છે, જે મેં આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ માટે સંગ્રહ કરીને રાખી છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ફરમાવ્યું: ‘હે બિલાલ! શું તને એ વાતનો ડર નથી કે કયામતના દિવસે તેનો ધુમાડો જહન્નમમાં ઊઠે? હે બિલાલ! ખર્ચ કરતા રહો અને અર્શના માલિક તરફથી ગરીબીનો ભય ન રાખો.’

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલાતુ વસ્સલામ ફરમાવે છે કે માણસના ઈમાનમાં પ્રગતિ ત્યારે થઈ શકે છે જ્યારે તે ખુદા તઆલાના ફરમાવેલા માર્ગ પર ચાલે અને ખુદા પર પોતાનું તવક્કુલ મજબૂત કરે. હઝરત રસૂલ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે હઝરત બિલાલને ફરમાવ્યું હતું: ‘શું તું તવક્કુલના ખુદા પર ઈમાન નથી રાખતો? જે ખુદા તને આજે આપી રહ્યો છે, શું તે કાલે નહીં આપે?’ પરંતુ આ નસીહતનો અર્થ એવો નથી કે ફજૂલખર્ચી કરવામાં આવે અથવા પોતાની જરૂરિયાતના સાધનોની વ્યવસ્થા ન કરવામાં આવે. જરૂરી છે કે સાધનો અને ઉપાયો પણ અપનાવવામાં આવે અને સાથે અલ્લાહ તઆલા પર તવક્કુલ પણ રાખવામાં આવે. તવક્કુલનો અર્થ એ નથી કે સાવચેતી રાખવામાં ન આવે અથવા સાધનોનો ઉપયોગ ન કરવામાં આવે.

હઝરત અનસ બિન માલિક રઝિયલ્લાહુ અન્હુ વર્ણવે છે કે એક વ્યક્તિએ અરજ કરી: ‘યા રસૂલુલ્લાહ! હું મારા ઊંટના ઘૂંટણ બાંધીને તવક્કુલ કરું કે તેને ખુલ્લો છોડી દઈને તવક્કુલ કરું?” આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું: ‘તેનું ઘૂંટણ બાંધી દો અને પછી તવક્કુલ કરો.’

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે કે ખુદા પર ભરોસો રાખવાનો અર્થ એવો નથી કે માણસ પોતાની યોજનાઓ અને પ્રયત્નોને છોડી દે. પરંતુ તેનો અર્થ એ છે કે માણસ પોતાની તરફથી સંપૂર્ણ પ્રયત્ન અને ઉપાય કર્યા પછી પરિણામ ખુદા પર છોડી દે. આનું નામ તવક્કુલ છે. જો માણસ કોઈ પ્રયત્ન કર્યા વગર માત્ર તવક્કુલ કરે છે તો તેનું તવક્કુલ ખાલી છે. અને જો માણસ માત્ર પોતાની યોજના અને પ્રયત્ન પર જ ભરોસો રાખે અને ખુદા પર તવક્કુલ ન કરે તો તેની તે યોજના પણ ખાલી છે.

હઝરત આયશા રઝિયલ્લાહુ અન્હા વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસે કેટલાક દીનાર આવ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તે બધા દીનાર વહેંચી દીધા અને માત્ર છ દીનાર બાકી રહ્યા, જે આપની એક પત્ની પાસે રાખવામાં આવ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની અંતિમ બીમારી દરમિયાન આપે આ દીનાર વિશે પૂછ્યું. જ્યારે જાણ થઈ કે તે હજુ ખર્ચવામાં આવ્યા નથી, ત્યારે તે દીનાર મંગાવવામાં આવ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તેમને પોતાની હથેળી પર રાખ્યા અને ગણ્યા. તે છ દીનાર હતા. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું: 'મુહમ્મદનો પોતાના રબ પર શું તવક્કુલ રહ્યો, જો ખુદાને મળતી વખતે અને દુનિયાથી વિદાય લેતી વખતે આ દીનાર તેની પાસે રહે' ત્યારબાદ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તે બધા દીનાર અલ્લાહના માર્ગમાં સદકામાં આપી દીધા અને તે જ દિવસે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની વફાત થઈ. અલ્લાહ તઆલા ફરમાવે છે કે: 'અમારા સુધી તો એ જ પહોંચે છે જે અલ્લાહે અમારા માટે નક્કી કરી દીધું છે. તે અમારો કારસાજ છે અને મોમિનોએ માત્ર અલ્લાહ પર જ તવક્કુલ રાખવો જોઈએ.'

આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના ઉસવાએ હસનામાં તવક્કુલની ઉચ્ચતમ મિસાલ મુસૈલમા કઝ્ઝાબના બનાવમાં પણ જોવા મળે છે. મુસૈલમા કઝ્ઝાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સમયમાં આવ્યો અને કહેવા લાગ્યો કે જો મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પોતાના પછી મને જાનશીન બનાવે તો હું તેમનો અનુયાયી બનીશ. તે મદીનામાં પોતાની કોમના એક મોટા સમૂહ સાથે હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તેની પાસે તશરીફ લઈ ગયા અને હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ રઝિયલ્લાહુ અન્હુ પણ આપની સાથે હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના હાથમાં ખજૂરની એક ડાળીનો ટુકડો હતો. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મુસૈલમાના સામે ઊભા રહ્યા અને ફરમાવ્યું: 'જો તું મારી પાસેથી આ ડાળીનો ટુકડો પણ માગે, તો હું તને તે નહીં આપું. અને અલ્લાહે તારા માટે જે કંઈ નક્કી કર્યું છે, તેનાથી તું આગળ વધી શકવાનો નથી. જો તું પીઠ ફેરવીને ચાલ્યો જઈશ, તો અલ્લાહ તઆલા તારો નાશ કરી દેશે.'

હઝરત મુસ્લેહ મૌઉદ આ સંદર્ભમાં ફરમાવે છે કે રસૂલ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને કોઈપણ કાર્યમાં દુનિયા અને અહેલે દુનિયા તરફ ધ્યાન નહોતું. આપ દુન્યવી સાધનો તરફ આંખ ઉઠાવીને પણ જોતા નહોતા, પરંતુ દરેક કાર્યમાં આપની નજર માત્ર અલ્લાહ તઆલા તરફ જ રહેતી હતી કે એ જ બધું કરશે. આપ તવક્કુલનું એક સંપૂર્ણ ઉદાહરણ હતા. મુસૈલમા રસૂલ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જીવનકાળમાં એક વિશાળ લશ્કર લઈને મદીનામાં આવ્યો અને તેણે વિનંતી કરી કે જો આપ તેને પોતાના પછી ખલીફા બનાવી દો તો તે પોતાની સમગ્ર જમાઅત સાથે આપનું અનુસરણ સ્વીકારી લેશે. પરંતુ રસૂલ કરીમ સલ્લલ્લાહુ

અલૈહિ વસલ્લમે તેની વિનંતીને તરત જ નકારી કાઢી. તે સમયે કાફિરોનો જોર હતો અને આપને અનેક પ્રકારની તકલીફો પહોંચાડવામાં આવતી હતી. કૈસર અને કિસરાના શાસકો તરફથી સંદેશાઓ આવી રહ્યા હતા. બની ગસ્સાન લડાઈની તૈયારીઓ કરી રહ્યા હતા અને વિવિધ સરકારો આ નવી ચળવળને શંકાની નજરે જોઈ રહી હતી. આવા સમયે માનવીય બુદ્ધિ એવું ઇચ્છતી હતી કે મિત્રો અને દુશ્મનો બંનેને પોતાની સાથે જોડવામાં આવે. પરંતુ રસૂલ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો તવક્કુલ અલ્લાહ તઆલા પર હતો. આપનું હૃદય સંપૂર્ણ વિશ્વાસથી ભરેલું અને છાતી ઈમાનથી ભરપૂર હતી. આપે મુસૈલમા અને તેના લશ્કર પર ભરોસો કરવો એક ક્ષણ માટે પણ યોગ્ય ન માન્યો અને સ્પષ્ટપણે કહી દીધું કે જો એક ખજૂરની ડાળીના ટુકડાના બદલામાં પણ તેની મદદ મેળવવી પડે, તો પણ આપ તેની તરફ આંખ ઉઠાવીને જોશો નહીં. આ ઘટનાથી જાણવા મળે છે કે આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇનકાર કોઈ દુન્યવી હેતુ માટે નહોતો, પરંતુ તે અલ્લાહ તઆલા પરના અપરંપાર વિશ્વાસ અને સંપૂર્ણ તવક્કુલનું પરિણામ હતું. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે પોતાની સંતાનોમાંથી કોઈને પોતાના પછી ઉત્તરાધિકારી બનાવ્યા નહીં, પરંતુ હઝરત અબૂ બકર રઝિયલ્લાહુ અન્હુની ખિલાફત તરફ સંકેત કર્યો. આપ ઇચ્છતા તો મુસૈલમાને પકડીને મરાવી શકતા હતા, કારણ કે તે મદીનામાં આપના અધિકાર હેઠળ હતો. પરંતુ આ બાબતમાં પણ આપે અલ્લાહ તઆલા પર તવક્કુલ કર્યો કે તે પોતે જ આ નુકસાનકારક વ્યક્તિનો નાશ કરશે. આથી, આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું જીવન આપણને તવક્કુલનું આ ઉચ્ચતમ ઉદાહરણ બતાવે છે કે: અલ્લાહ તઆલા તરફ સંપૂર્ણ રીતે ઝૂકી જવું, તેની પ્રસન્નતાને સર્વોપરી રાખવી, દુન્યવી વિરોધથી પ્રભાવિત ન થવું, જરૂરી સાધનો અને ઉપાયો અપનાવીને પરિણામ અલ્લાહ તઆલા પર છોડી દેવું અને દરેક પરિસ્થિતિમાં તેની મદદ પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો. આ જ સાચો તવક્કુલ છે. અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિન વ બારિક વ સલ્લિમ.

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવરે શહીદ મિર્ઝા સફદર મહમૂદ સાહેબ, મંડી બહાઉદ્દીન; અઝીઝા અમતુલ અઝીઝ સાહિબા, હઝરત મુસ્લેહ મૌઊદ રઝિયલ્લાહુ અન્હુની નવાસી; અને મુકર્રમ રશીદ અહમદ અયાઝ સાહેબ, પેન્શનર સદર અંજુમન અહમદિયા—આ ત્રણેય મરહૂમીનના ઝિક્રે ખૈર બાદ તેમની નમાઝે જનાઝા ગાએબ પઢાવવાની જાહેરાત ફરમાવી.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَاْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔